**Bhakta Kavi Narsinh Mehta University**
Govt. Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya,
Junagadh, Gujarat (India)-362 263
Ph.(0)0285-2681400 / Fax : 0285-2681503
**Website :** http://www.bknmu.edu.in **Email :** cebknmu@gmail.com

**પરીપત્ર**

વિષય : જે વિદ્યાર્થીઓ પદવી પ્રમાણપત્ર (Degree Certificate) મેળવવા માટેના ફોર્મ ભરવાથી વંચિત રહી ગયેલ છે તેવા વિદ્યાર્થીઓ માટે કોલેજ દ્વારા ઓનલાઇન એન્ટ્રી બાબત.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનનાં અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રનાં પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવાનું કે વિદ્યાર્થીઓને ફાઇનલ ડિગ્રી સર્ટિફીકેટ મેળવવા માટે વિદ્યાર્થી જે તે સમયે ફાઇનલ પરીક્ષાના પરીક્ષા ફોર્મની સાથે તેમણે ફાઇનલ ડિગ્રી સર્ટિફીકેટ માટેનું ફોર્મ પણ જે તે કોલેજ ખાતે ભરવાનુ હોય છે, પરંતુ તેમાથી વર્ષ: ૨૦૧૬-૨૦૧૭ થી વર્ષ: ૨૦૧૯-૨૦૨૦ ના કેટલાક વિદ્યાર્થીઓએ ફાઇનલ ડિગ્રી સર્ટિફીકેટ માટેનું ફોર્મ ભરેલ નથી. યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઇ જે વિદ્યાર્થીઓ પદવી પ્રમાણપત્ર (Degree Certificate) મેળવવા માટેના ફોર્મ ભરવાથી વંચિત રહી ગયેલ છે તેવા વિદ્યાર્થીઓ માટે કોલેજ દ્વારા ફાઇનલ ડિગ્રી સર્ટિફીકેટ માટેના ફોર્મ ભરવા માટે ઓનલાઇન એન્ટ્રીની તારીખ નીચે મુજબ રહેશે. નિયત સમય-મર્યાદામાં કોલેજ દ્વારા પોતાના લોગીન મારફત એન્ટ્રી કરવાની રહેશે.

| કોર્ષનું નામ | એન્ટ્રી શરૂ થવાની તારીખ | એન્ટ્રી પુર્ણ થવાની તારીખ |
|---|---|---|
| યુ.જી./એલએલ.બી. તેમજ પી.જી./બી.એડ. (તમામ કોર્ષ) | ૨૦/૧૦/૨૦૨૧ | ૩૦/૧૧/૨૦૨૧ |

નિયત સમયમર્યાદા બાદ ફોર્મની ઓનલાઇન એન્ટ્રી સોફ્ટવેર સ્વીકારશે નહીં. જેની નોંધ લેવી. ઓનલાઇન એન્ટ્રી કર્યા બાદ ચાલુ કામકાજના દિવસ ૪ (ચાર)માં ઓનલાઇન જનરેટ થયેલ ફી રીપોર્ટ/ચેકલિસ્ટ (EXCEL SHEET) ની પ્રિન્ટને કોલેજના આચાર્યશ્રી દ્વારા વેરીફાય કર્યા બાદ કુરિયર અથવા પોસ્ટ મારફત અથવા રૂબરૂ પરીક્ષા વિભાગમાં જમા કરાવવાની રહેશે તેમજ કોલેજનાં લેટરપેડ માં કોર્ષ પ્રમાણે અલગ-અલગ વિદ્યાર્થીઓની સંખ્યા સ્પષ્ટ દર્શાવી નિયત ડીગ્રી સર્ટીફિકેટ ફોર્મ ફી રૂ.૨૫૦/- **"રજીસ્ટ્રાર, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ"** ના નામના ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચુકવવાની રહેશે.

ખાસ નોંધ :-

૧. દરેક વિદ્યાર્થીએ ડીગ્રી સર્ટીફિકેટમાં જે એડ્રેસ ( કાયમી સરનામું) દર્શાવેલ હોય, તે જ એડ્રેસની કોલેજ દ્વારા સોફ્ટવેરમાં એન્ટ્રી કરવી.
૨. ડીગ્રી ફોર્મ કોલેજે પોતાની પાસે રેકોર્ડ માં સાચવીને રાખવાં, જરૂર પડયે યુનિવર્સિટી દ્વારા મંગાવવામાં આવે, તો રજુ કરવાનાં રહેશે.
૩. ઉપરોક્ત કામગીરી માટે નોવેલ કોરોના વાઇરસ COVID-19 અંગે સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કર્મચારીઓએ માસ્ક પહેરી (ફેસ કવર) તેમજ સામાજિક અંતર જાળવી ઉપરોક્ત કામગીરી કરવાની રહેશે.

પરીક્ષા નિયામક

ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૧૮૪૩/ ૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ-362263
તા. ૨૦/૧૦/૨૦૨૧

પ્રતિ,
યુનિવર્સિટી ભવનનાં અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રનાં પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ માન્ય સંસ્થાઓના વડાઓ તરફ......

નકલ સાદર રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે)
(૩) હિસાબી શાખા